सत्यमेव जयते

# ગુજરાત સરકાર

પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તારીખ:૧૦-૦૭-૨૦૧૭

**યાદી ક્રમાંક:ઇએસઆર-૧૦-૨૦૧૬-૨૫૬૮-ઝ**

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળની તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ ની જગ્યાએથી નિવૃત્ત થયેલ નીચેના અધિકારીઓને તેમના નામ સામે કોલમ-(૩)માં દર્શાવેલ જગ્યાએ તાલુકા વિકાસ અધિકારી, વર્ગ-૨ તરીકે કરાર આધારિત નિમણૂક આપવામાં આવે છે.

| ક્રમ | અધિકારીનું નામ | કરાર આધારિત નિમણૂકનું સ્થળ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| (૧) | શ્રી એ.આર.ડોડીયા | તાલુકા વિકાસ અધિકારી,<br>કલોલ, જિ-ગાંધીનગર. |
| (૨) | શ્રી એ.જી.દેસાઇ | તાલુકા વિકાસ અધિકારી,<br>હળવદ, જિ-મોરબી. |
| (૩) | શ્રી એ.કે.આસલ | તાલુકા વિકાસ અધિકારી,<br>લુણાવાડા, જિ-મહીસાગર. |
| (૪) | શ્રી ડી.વી.ત્રિવેદી | તાલુકા વિકાસ અધિકારી,<br>ઉના, જિ-ગીર સોમનાથ. |

૨. આ નિમણૂક નીચેની શરતો અને બોલીઓને આધીન રહેશે.

(૧) વય નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક પામતા અધિકારીને તેઓના નિવૃત્તિ સમયના છઠ્ઠા પગારપંચ મુજબના પે-બેન્ડ + ગ્રેડ-પે ના ૬૦% માસિક એકત્રિત વેતન તેમજ પેન્શન ઉપર T.I. મળવાપાત્ર થશે. [Total remuneration = Fix Pay (@60% Pay Band plus Grade Pay) + Pension(Including TI)].

(૨) કરાર આધારિત નિમણૂક પામેલ અધિકારીને એકત્રિત વેતન ઉપર કોઇપણ જાતનાં બીજા ભથ્થાં મળવાપાત્ર થશે નહિ.

(૩) કરાર આધારિત નિયુકિતના સમયગાળા દરમ્યાન તેમને તેમના ફિકસ એકત્રિત વેતનમાં કોઇપણ વધારો, ઇજાફો, મોંઘવારી ભથ્થુ, વચગાળાની રાહત કે પગાર પંચના બીજા લાભો મળવાપાત્ર થશે નહિં.

(૪) કરાર આધારિત નિમણૂક દરમ્યાનની તેમની સેવા બદલ કોઇ વધારાનું પેન્શન, બોનસ, એલ.ટી.સી., રજાનું રોકડમાં રૂપાંતર, પેશગી કે અન્ય કોઇ નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહીં.

(૫) કરાર આધારિત નિયુકિતના સમયગાળા દરમ્યાન આકસ્મિક અવસાન પ્રસંગે તેમણે બજાવેલ ફરજના સમયગાળાના ફિકસ વેતનની લેણી રકમ તેમના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. અન્ય બીજા કોઇ નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહિં.

(૬) આ કરાર આધારિત નિમણૂક સંબંધિત અધિકારીની હાજર થયા તારીખથી એક વર્ષ સુધી રહેશે. જેને સંબંધિત અધિકારી ૬૨ વર્ષ પૂર્ણ કરે ત્યાં સુધી સરકારશ્રીની પૂર્વ મંજૂરી મેળવીને લંબાવી શકાશે અને **વય નિવૃત્તિ બાદ આપવામાં આવેલ કરાર આધારિત નિમણૂક નીચેના પૈકી જે વહેલું હોય ત્યાં સુધી ચાલુ રહેશે.** ત્યારબાદ તેનો આપોઆપ અંત આવશે.

(i) સંબંધિત જગ્યા પર નિયમિત ઉમેદવાર ઉપલબ્ધ થાય **અથવા**

(ii) કરાર આધારિત નિમણૂકના હુકમ અન્વયે હાજર થયા તારીખથી ૧ વર્ષ સુધી **અથવા**

(iii) કરાર આધારિત નિમણૂક આપ્યા પછી સરકાર ગમે તે સમયે કોઇ પણ કારણ આપ્યા વિના સંબંધિત અધિકારીની કરાર આધારિત સેવાનો અંત લાવી શકશે.

(૭) સંબંધિત અધિકારી એક (૧) માસની નોટીસ આપીને અથવા એક (૧) માસનો નોટીસ પે ભરીને કરાર આધારિત નિમણૂકનો અંત લાવી શકશે.

(૮) વય નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક પામેલ કર્મચારી/અધિકારીને ગુજરાત રાજય સેવા(વર્તણૂક) નિયમો, ૧૯૭૧ લાગુ પડશે.

(૯) કરાર આધારિત નિમણૂક દરમિયાન અધિકારી/કર્મચારી પક્ષે વર્તણૂક નિયમનો ભંગ થયેલો જણાશે તો તેઓના કિસ્સામાં ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો-૨૦૦૨ ના નિયમ-૨૪ મુજબ પેન્શન કાપની શિક્ષા કરી શકાશે આવી પેન્શન કાપની શિક્ષા કરતા પહેલાં સંબંધિત અધિકારી/કર્મચારીને ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો,૧૯૭૧ ની જોગવાઇ મુજબ બચાવની તક આપવામાં આવશે.

(૧૦) કરાર આધારિત નિયુકિત દરમ્યાન સંબંધિત જગ્યાની કામગીરી માટે જે ફરજો બજાવવાની થતી હોય તેવી તમામ ફરજો તેમણે બજાવવાની રહેશે તે માટે કચેરીના ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય કે જરૂરિયાત હોય તે સમય પ્રમાણે તેમણે કચેરીમાં હાજરી આપવાની રહેશે.

(૧૧) કરાર આધારિત નિયુકિત દરમ્યાન કરારબધ્ધ અધિકારીને બજાવેલ ફરજના પ્રતિ માસ એક પરચૂરણ રજા મળવાપાત્ર રહેશે. પરંતુ અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહિં.

(૧૨) વય નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક મેળવનાર અધિકારીએ કાર્યમથક પર રહેઠાણ રાખવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત સત્તાધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહિં.

(૧૩) સરકારી કામે પ્રવાસ પર જવાનું થાય તો, સરકારના પ્રવર્તમાન ધોરણ મુજબ મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે.

(૧૪) સંબંધિત અધિકારીની કરાર આધારિત નિમણૂક તેઓ ૬૨ વર્ષની વયે પૂર્ણ કરે ત્યાં સુધી સરકારશ્રીની પૂર્વ મંજૂરી મેળવીને લંબાવી શકાશે.

(૧૫) આ અધિકારીઓને ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકેના હક્ક પ્રાપ્ત થશે નહિ.

(૧૬) કરારબધ્ધ અધિકારીઓને નિમણૂકના સ્થળે હાજર કર્યેથી સંબંધિત નિયંત્રણ અધિકારીશ્રીએ તાત્કાલિક આ વિભાગને અચૂક જાણ કરવાની રહેશે.

3. **સંબંધિત નિયંત્રણ અધિકારીશ્રીએ આ કરાર આધારિત નિમણૂકવાળા અધિકારી આ કરાર આધારિત નિમણૂકના સમયગાળામાં અધિકારીની હાજર થયા તારીખથી એક વર્ષ અથવા અધિકારી ૬૨ વર્ષની વયે પહોંચે તે તારીખથી તેઓની નિમણૂક સમાપ્ત થયેલ ગણીને તેઓને આ નિમણૂકવાળી જગ્યાએથી ફરજમુક્ત કરવાના રહેશે અને તેની જાણ આ વિભાગને અચૂક કરવાની રહેશે.**

૪. આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ તથા ફાઇલ ક્રમાંક:ઇએસઆર-૧૦-૨૦૧૭-૫૮૮-ઝ પર સરકારશ્રીની તા.૧૦-૦૭-૨૦૧૭ની નોંધથી મળેલી અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વનરાજસિંહ પઢારીયા )
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

---

ક્રમાંક: ઇએસઆર-૧૦-૨૦૧૬-૨૫૬૮-ઝ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૦-૦૭-૨૦૧૭

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પંચાયત)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન.મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા), નાણા વિભાગ, બ્લોક નં.૪, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(પંચાયત), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, બ્લોક નં.૭, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશનરશ્રી, બ્લોક નં.૧૬/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી(ગ્રામ વિકાસ), બ્લોક નં.૧૬/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી(HRMS Cell), સામાન્ય વહીવટ વિભાગ, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (સંબંધિત)
- તાલુકા વિકાસ અધિકારીશ્રી(સંબંધિત)
- એકાઉટન્ટ જનરલશ્રી,રાજકોટ/અમદાવાદ.
- સંબંધિત અધિકારીશ્રી(**નિમણૂકની જગ્યાએ તાત્કાલિક હાજર થવા માટે**)
- ફાઇલ ક્રમાંક:ઇએસઆર-૧૦-૨૦૧૭-૮૮૫-ઝ
- સિલેકટ ફાઇલ(શાખા/નાયબ સેકશન અધિકારી)

(signature)
( કૌશિક રાજદે )
સેકશન અધિકારી
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર